અપીલ અરજી નં.૧૦૮ તા.૧૫–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી વસંતલાલ ડી. રાણા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
આસી. કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતુ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વસંતલાલ ડી. રાણાની તા.૨૧–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૬ ની માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૦૮/૨૦૧૦–૧૧

શ્રી વસંતલાલ ડી. રાણાની તા.૨૧–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૬ ની માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી, ફાઈલેરીયા વિભાગ તરફથી તા.૧૧–૫–૧૦ થી જવાબ મોકલ્યો જે મળેલ ન હોવાનું જણાવી તથા ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ./૧૦૭ તા.૧૦–૬–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૦૫ તા.૨૯–૬–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) આરોગ્ય અધિકારી અન. ઈ.ચા. ડે.કમિ.(હે અનેહો) અને જાહેર માહિત અધિકારી (ફાઈલેરીયા), ડે.કમિશ્નર (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, આસી. કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી હિસાબીખાતુ) તથા અરજદારને અપીલ અરજીમાં કયા જાહેર માહિતી અધિકારીને અરજી કરેલ તે વિગતો, તબદીલી હોય તો તે, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત પણ જણાવેલ નથી જે અંગે પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી હિસાબી તરફથી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં એકા./એસઆર નં.૨૦૨૮ તા.૯–૭–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે ફી ભરવા પાઠવેલ પત્ર નં.એકા./એસઆર નં.૧૩૦૯ તા.૭–૬–૧૦ ના પત્રની નકલ તથા આરપીએડીની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, અરજદારને પૂરી પાડેલ માહિતી પત્ર તા.૧૫–૬–૧૦ ની નકલ તથા અરજદારની મુળ અરજીની નકલ અત્રેના વિભાગને મળેલ છે. તથા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૫૨૦ તા.૧૪–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારને માહિતી મેળવવા અંગે પાઠવેલ પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૮૭ તા.૨૭–૫–૧૦ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અન્ય જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી તથા અરજદાર તરફથી પણ અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૧–૪–૧૦ ની મુદ્દા નં. ૧ થી ૬ ની માહિતી માંગતી અરજી મુદ્દા નં.(૧) મહાનગરપાલિકાના સહયોગથી વૃધ્ધ પેન્શન યોજના રૂા.૪૦૦/– ઉંમર ૬૫ વાળાને યુસીડી વિભાગ ધ્વારા ફોર્મની વહેંચણી કરવામાં આવે છે તેવા ફોર્મ નંગ–૨ મારા તથા મારી પત્ની માટે મેળવવા માટે માહિતીના કાયદા ૨૦૦૫ મુજબ મેળવવા માટે. મુદ્દા નં. (૨) નવાપુરા ગોલવાડ ના જેટલા કોર્પોરેટર હોય તેમને પાંચ વર્ષ માટે મળતી તમામ એસએમસી ગ્રાન્ટ કુલ કેટલી તેમજ દર વર્ષે કેટલી મળે છે? તે તેમજ તેમને દર વર્ષે કેટલી ગ્રાન્ટનો શેમા ઉપયોગ કર્યો તેના બીલોની તથા ન વપરાયેલી કેટલી ગ્રાન્ટ પડી રહી છે તે તમામની સહી સિકકાવાળી નકલો મેળવવા . મુદૃા નં.૩ સગરામપુરા તથા રૂસ્તમપુરા વોર્ડ ના ૩ કોર્પોરેટરોની પણ ઉપરની વિગત જણાવેલ વિગત મુજબ માહિતી. મુદૃ ાનં.(૪) એસએમસીનું આરોગ્ય ખાતુ વોર્ડ સગરામપુરામાં પાંચ વર્ષમાં કેટલી વખત શેરી ધૂમ્રશેર કર્યુ? તેમજ સગરામપુરામાં કેટલા મકાનોમાં ધૂમ્રશેર તેમજ મચ્છરની દવાનો છંટકાવ કર્યો? અને કેટલા મકાનોમાં મચ્છરદાની પહોચાડયા આ તમામ લેખિતમાં સહી સિકકાવાળી નકલો મેળવવા માહિતી કાયદા ૨૦૦૫ મુજબ મેળવવા માટે તથા સુરતમાં ૨,૪૯,૪૮૦ મચ્છરદાનીનું વેચાણ કર્યુ તે કયા કયા વિસ્તારમાં કેટલી મચ્છરદાનીનું વેચાણ કર્યુ તે તમામનું કોષ્ટક વિગતમાં લેખિતમાં ( સંદેશ ન્યુઝ પેપરના આધારે) મુદ્દા નં.૫. એસએમસી સેન્ટ્રલઝોનમાં આવકવેરાખાતુ, વેરાખાતુ તેમજ પ્લાન પાસ કરનાર ખાતા પાસેથી નવાપુરા ગોલવાડ અલીના ટેકરાના પાછળના ભાગે એક મિલ્કત આવેલ છે. જેનો વોર્ડ નં.૩ ઘર નં.૩૬૮૦ નવાપુરા ગોલવાડ કો.ઓપ સ્ટોર્સના નામે આવેલી છે જેના નીચે મુજબની માહિતી સહી સિકકાવાળી નકલોની માહિતી. (૫) (૧) ઉપરના નંબરવાળી મિલ્કત ખુલ્લી છે કે આરસીસી બાંધેલી મિલ્કત છે? (૫) (૨) વેરા બીલમાં વેરો ભરવાના આવે છે તે જમીનના પ્લોટોનો કે આરસીસી મકાનનો આવે છે? કેટલો વેરો આવે છે તે વિગતો મુજબ વેરા બીલ ૨૦૦૮–૦૯ ના તથા ૨૦૧૦–૧૧ ના વેરાબીલો ત્યાં જમીન પ્લોટ ખુલ્લો છે કે આરસીસી બાંધણીની સહી સિકકાવાળી નકલ. (૫) (૩) ૩/૩૬૮૦ વાળી નવાપુરા ગોલવાડની મિલ્કત અંબારામભાઈ જીવણભાઈની આવેલી છે તે પણ આરસીસીની પાકી ભોંયતળીયું ત્યાં ત્રણ માળની બાંધેલી મિલ્કત છે કે નહીં તેનો વેરો કેટલા રૂપિયા આવે છે તેનું વેરાબીલ ત્યાં આ મકાનને પાછળથી જવા આવવા માટે ગેલેરીઓ બનાવવામાં આવી તે પણ ૩/૩૬૮૦ ન.ગો. કો. સ્ટોર્સના મકાન સાથે જોઈન્ટ કેમ કરવામાં આવી છે તેઓ તેમના મકાનમાંથી ન.ગો.કો. સ્ટોર્સ ના મકાનમાં વસવાટ કરતા હોવાથી ઉપયોગ કરતાં હોવાથી એસએમસીના સેન્ટ્રલઝોન વિભાગે તપાસ કરી કે નહીં તેની તમામ સહી સિકકાવાળી નકલો મેળવવા માટે. (૫)(૪) ૩/૩૬૮૦ ન.ગો.કો. સ્ટોર્સની જગ્યા કેટલાના ભાવે કેટલા રૂપિયામાં વેચાણ કરવામાં આવ્યુ તેનો પાકો દસ્તાવેજ બની ગયો ? કેટલા રૂપિયાનો આ તમામ માહિતી સહી સિકકાવાળી નકલો મેળવવા. (૫)(૬) પ્લાન ખાતામાંથી રીવાઈઝ પ્લાન કયારે પાસ કરવામાં આવ્યો કોના નામે કયા સાક્ષી રૂબરૂ પ્લાન પાસ થયો તેની તમામની સહી સિકકાવાળી નકલો મેળવવા માટે. (૫)(૭) બાંધકામ કરવાની પરમીશન કયા સાલમાં? પ્લાન નવો મુકી કેટલા માળની બાંધકામની પરવાનગી કોના નામે લેવામાં આવી? કયા સાલમાં ? કેટલા રૂપિયા એસએમસીમાં ભરવાની કેટલા રૂપિયા ફી ભરી તે તમામની રસીદોની સહી સિકકાવાળી નકલો મેળવવા. (૫)(૮) ૩/૩૬૮૦ મિલ્કતો બે જણાય છે તો તમામ મિલ્કતોના વેરા રોકડેથી કે ચેકથી ભરવામાં આવે છે? કયા વ્યકિત વેરો ભરે છે તેની પણ નોંધ કરવામાં આવે છે તો તે તમામ માહિતીની સહી સિકકાવાળી નકલો મેળવવા માટે. મુદ્દા નં.૬ શ્રી ગુલાબદાસ ખસીની

એસએમસીમાં ઠરાવ પસાર કરી ૫ લાખની ગ્રાંટ પાસ કરવામાં આવી કયા કારણોસર? શેના માટે સહી સિકકાવાળી નકલો. ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે નગર નિયોજક અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૪૩૮ તા.૩–૫–૧૦ થી અંશતઃ માહિતી માટે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. જયારે પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૧૦૭ તા.૧૦–૬–૧૦ થી અરજીના મુદ્દા નં.૫(૫) થી માંગેલી માહિતી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૯૭ તા.૪–૬–૧૦ ના સંદર્ભે તા.૭–૬–૧૦ ના રોજ રસીદ નં.૩૮૨૧૪૧ થી રૂા. ૧૪/– જમા કરાવેલ હોય માંગવામાં આવેલી માહિતીના કુલ ૭ પાનાની નકલની માહિતી નિયત સમય અવધિ બાદ વિલંબથી પૂરી પાડવામાં આવેલ. જે માત્ર પત્રની નકલ અત્રે પૂરી પાડેલ છે. જયારે મુખ્ય હિસાબનીશ તરફથી પત્ર નં.એકા./એસઆર/૧૩૦૯ તા.૭–૬–૧૦ થી હિસાબી ખાતાને લગતી માહિતી પાના નંગ–૩૦ છે દરેક પાના દીઠ રૂા. ૨/– લેખે રૂા.૬૦/– થાય છે જે સુરત મહાનગરપાલિકામાં જમા કરાવી તેની નકલ રજૂ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ. જે અરજદારને તા.૧૫–૬–૧૦ ના પત્રથી અરજદારને નિયત સમય અવધિ બાદ વિલંબથી આપવામાં આવેલ છે. જેની નકલ અત્રે રજૂ કરેલ છે. જે બાબતે અરજદારે ૩૦ દિવસમાં નહીં મળેલા પ્રતિભાવ અને મળેલી માહિતી બાબતે નારાજગી જણાવી ત.૧૫–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના મુદ્દા નં.(૧) મુખ્ય હિસાબીખાતુ શ્રી આરીવાલા સાહેબની અરજીમાં કરેલ નંબર ૨ અને ૩ ની માહિતી નહીં મળ્યાનું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી હિસાબી ધ્વારા તેમના તા.૧૭–૬–૧૦ ના રીપોર્ટ અન્વયે સદર માહિતીની અરજદારને આપવા મંજુરી મેળવી તા.૨૧–૬–૧૦ ના રોજ અરજદારને આપ્યાનું જણાવેલ છે. માહિતી આપ્યા સબબ અરજદારે સહી કરેલ છે જેની નકલ અત્રે રજૂ કરેલ છે. અપીલના મુદ્દા નં.૨ નવી બિલ્ડીંગ પાંચમા માળે ફાઈલેરીયા વિભાગ (જંતુનાશક) શ્રી ગજજર સાહેબને મળ્યો પણ તેમણે જણાવેલ કે તા.૧૧–૫–૧૦ નો જવાબ મોકલ્યો છે જે આજ દિન સુધી મળ્યો નથી. અરજીમાં કરેલ નં.૪ ચેરમનેશ્રીને મળતા તેમને વગોડીયા સાહેબ પાસે મોકલ્યો કે તમારો જવાબ ત્યાં કરેલ ફરીયાદનો નિકાલ કરીશું તે થયેલ નથી. તેવા પ્રશ્ન બાબતે મળેલ પૂરક વિગતોમાં નોંધ વિભાગમાં મચ્છરદાનીનું વિતરણ સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. પરંતુ તે બાબતે અરજદારને કોઈ માહિતી આપ્યાની નકલ રજૂ કરેલ નથી તથા લાગત સત્તા મંડળને અરજી તબદીલ કર્યા અંગેની પણ કોઈ વિગતો રજૂ કરેલ નથી તેમજ ધુમ્રશેર બાબતે પણ કોઈ માહિતી આપેલ નથી અને અરજદારની ફરીયાદ બાબતે કોઈ વિગત પૂરી પાડેલ નથી. તેવા પ્રશ્ન બાબતે એસએમસીના ટાઉન પ્લાનીંગ ખાતા તરફથી તા.૧૧–૬–૧૦ સાત પાનાની રૂા.૧૪/– ભરતાં માહિતી મળી પણ તેમાં ૩/૩૬૮૦ પૂર્વે ન.ગો.કો. સ્ટોર્સની માલીકી મિલ્કત તેમજ ૩/૩૬૮૦ પશ્ચિમ અંબારામ જીવનભાઈની મિલ્કતના પહેલા બીજા માળે જવા આવવા પેસેજ આરસીસી બાંધેલ તેની ત્યાં આરસીસી મિલ્કત ૩/૩૬૮૦ પૂર્વ ન.ગો.કો.સ્ટોર્સ ની બાંધકામ પરવાનગી (રજાચિઠ્ઠી) રીવાઈઝ પ્લાન વિગેરેમાં કેટલા રૂપિયા ભર્યા કોના નામે બાંધવાની પરવાનગી આપી અત્યારે જમીન પ્લોટ છે કે આરસીસી બાંધકામ મિલ્કત તેની માહિતી આપી નથી તેથી તે મળવા. અપીલના મુદ્દા નં.૩ બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૮૭ તા.૨૭–૫–૧૦ થી રજાચિઠ્ઠની નકલ પાના ૨ ના રૂા.૪/– તથા પ્લાનની નકલ ના રૂા.૫૭૬/– મળી કુલ રૂા.૫૮૦/– ભરપાઈ કરી મેળવવા નિયત સમય અવધિ બાદ જણાવેલ છે.પરંતુ અરજદારે ફી ભરપાઈ કરી માહિતી મેળવેલ છે કે કેમ તે અંગેની વિગતો અરજદારે કે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ નથી. અપીલના મુદ્દા નં.૪ આકારણી ખાતાવાળા પાસે ૩/૩૬૮૦ પૂર્વ ન.ગો.કો. સ્ટોર્સનો વેરો રોકડેથી કે ચેકથી કોણ ભરે છે તેની માહિતી મેળવવા તેનું ભરનારની રસીદની ઝેરોક્ષ નકલ કોપી મળવા. અપીલના મુદ્દા નં.(૫) શ્રી ગુલાબદાસ ખસીની એસએમસીમાં સ્થા. સ. ની બેઠકમાં રૂા.૫ લાખની ગ્રાંટ પાસ કરવામાં આવી તે દરેક દૈનિક પેપરમાં છપાયુ તેની કયા કારણસર શેના માટે તે તમામની લેખિત માહિતી મેળવા ( આપવામાં આવે તેની) આમ ઉપર મુજબની તમામ માહિતી બાકી હોવાથી અપીલ અરજી કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલના મુદ્દા નં.૪ અને ૫ બાબતે કોઈ જાહેર માહિતી અધિકારીએ કોઈ વિગતો પૂરી પાડેલ નથી કે મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએથી અન્ય જાહેર માહિતી અધિકારીને તબદીલ કર્યાનું જણાવેલ નથી.

સમગ્ર હકીકતનું વિશ્લેષણ કરતાં અરજદારે મુદ્દા નં.૧ માં કોઈ માહિતી માંગેલ જણાતી નથી. તેમણે યુસીડી ખાતામાંથી ફોર્મ મેળવવા તેમ જણાવેલ છે. અરજદારે લાગત કચેરી/ખાતાનો સંપર્ક કરી ફોર્મ મેળવવા રહે. મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે વિલંબથી જાહેર માહિતી અધિકારી હિસાબી તરફથી મળ્યાનું જણાય છે. પરંતુ મુદ્દા નં.૬ અંગે કોઈ કાર્યવાહી તેઓ કક્ષાએથી માહિતી આપવા સબંધમાં થયેલ જણાતી નથી. મુદ્દા નં.૪ અને ૫ પૈકી ૫(૫) ની આંશિક માહિતી જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ કક્ષાએથી વિલંબથી આપ્યાનું જણાય છે. તે સિવાયની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૪–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૪ અને ૫ ની નહીં પૂરી પડાયેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા મુદ્દા નં.૬ અંગે જાહેર માહિતી અધિકારી હિસાબીને આરટીઆઈ એકટની કલમ–૭(૬) અન્વયે વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને મુળ અરજીથી માંગેલ વિગતેની માહિતી દિન–૭ માં પૂરી પાડવા જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), , ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, આસી. કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી હિસાબીખાતુ) ......જાણ તથા અમલ માટે
(૨) શ્રી વસંતલાલ ડી. રાણા,